**Paper Code - 3510**

# B.A. Semester-III (Economics)
# July-September-2021
# C.C.303 MICRO ECONOMICS

**કુલ સમય :– ૬૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

[1] કિંમત અને માંગ વચ્ચે કેવો સંબંધ છે
[A] સમાન [B] વ્યસ્ત [C ] સીધો [D] આંતરિક

[2] માંગરેખાનો ઢાળ કેવો હોય છે?
[A] ધન [B] સમાન [C] ઋણ [D] એક પણ નહિ

[3] સમતુલિત કિંમત હોય ત્યારે માંગ અને પુરવઠો કેવો હોય છે?
[A] માંગ કરતા પુરવઠો વધારે [B] પુરવઠા કરતાં માંગ વધારે [C] એકબીજાથી વિરુધ્ધ [D] માંગ અને પુરવઠા સરખા

[4] કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે?
[ A ] ધન [B] ઋણ [C] શુન્ય [D] સીધો

[5] માંગસ્થિર હોય અને પુરવઠામાંવધારો થાય ત્યારે પુરવઠા રેખા કઈ બાજુ ખસે છે?
[A] જમણી બાજુ નીચી તરફ [B] ડાબી બાજુ ઉપર તરફ [C] સ્થીર [D] એક પણ નહી

[6] બજાર માંગ અને બજાર પુરવઠાને કતારના બે પાનાં ગણનાર અર્થશાસ્ત્રી...
[A] પ્રોફેસર પિગુ [B] પ્રોફેસર માર્શલ [C] એડમ સ્મિથ [D] કૌટિલ્ય

[7] માંગ કે પુરવઠામાં વધારો ઘટાડો થવાથી સમતુલિત કિંમતમાં ફેરફાર થાય તેને શું કહેવાય છે?
[A] સમાન કિંમત કહે છે [B] વિરુધ્ધ કિંમત કહેછે [C] સમતુલામાં વિક્ષેપ કહે છે [D] એક પણ નહી

[8] પુરવઠો સ્થિર રહે અને માંગમાં વધારો થાય ત્યારે માંગ રેખા કઈ બાજુ ખસે છે?
[A] ડાબી બાજુ નીચે તરફ [B] ધરીને સમાંતર [C] જમણી તરફ ઉપરની બાજુ [D] એક પણ નહીં

[9] કોઈપણ વસ્તુ મેળવવાની ઈચ્છા એટલે માંગ વિધાન.........
[A] સાચું [B] ખોટું [C] અનિશ્ચિત [D]એક પણ નહીં

[10] માંગ અને પુરવઠાના આધારે કિંમત નિર્ધારણનો ખ્યાલ આપનાર અર્થશાસ્ત્રી કોણ હતા?
[A] પ્રોફેસર હિક્સ [B] પ્રોફેસર પીગુ [C] પ્રોફેસર માર્શલ [D] પ્રોફેસર કેઇન્સ

[11] ચીજ વસ્તુઓની માંગ એટલે ………………..
[A] વસ્તુ ખરીદવાની ઈચ્છા [B] વસ્તુ ખરીદવાની ખરીદશક્તિ [C] વસ્તુ ખરીદવાની તૈયારી [D] ઉપરના બધા

[12] પુરવઠો એટલે જથ્થો વિધાન.............છે?
[A] અનુચિત [B] સાચું [C] ખોટું [D] એક પણ નહીં

[13] ઉત્પાદનનો વેચાણ હિસ્સો એટલે પુરવઠો વિધાન ………………..છે
[A] ખોટું [B] સાચું [C] અનિશ્ચિત [D] એક પણ નહીં

[14] પુરવઠા અને માંગનો એક સરખો વધારો ઘટાડો થવાથી કિંમત ઉપર શું અસર થશે?
[A] વધે [B] ઘટે [C] સ્થિર [D] આમાંથી એક પણ નહિ

[15] તુષ્ટીગુણ નો નિયમ સૌપ્રથમ .................... અર્થશાસ્ત્રી આપેલ છે
[A] પ્રોફેસર ગ્રોસેન [B] પ્રોફેસર હિક્સ [C] પ્રોફેસર માર્શલ [D] એડમ સ્મિથ

[16] તૃષ્ટિગુણ વિશ્લેશણ સાથે કયા અર્થશાસ્ત્રી નું નામ જોડાયેલ છે?
[A]પ્રોફેસરહેબરલ [B] પ્રોફેસરહિક્સ [C] પ્રોફેસર માર્શલ [D] પ્રોફેસર જે એસ મીલ

[17] તુષ્ટીગુણ નો ખ્યાલ કેવો છે?
[A] નિરપેક્ષ [B] ભૌતિક [C] અભૌતિક [D] સાપેક્ષ

[18] વસ્તુઓના વપરાશ સાથે સીમાંત તુષ્ટીગુણ ...............છે?
[A] ઘટતો જાય છે [B] વધતો જાય છે [C] શુંન્ય થાય છે [D] સમાન બને છે

[19] વસ્તુની કઇ બાબત સાથે તેનો તુષ્ટિગુણ બદલાય છે?
[A] માંગ [B] ઉપયોગ [C] સંગ્રહ [D] પુરવઠા

[20] વસ્તુના વધારાના એકમના વપરાશમાંથી મળતો વિશેષ તુષ્ટીગુણ એટલે શું?
[A] કુલ તુષ્ટિગુણ [B] વધારાનો તુષ્ટિગુણ [C] સીમાંત તુષ્ટીગુણ [D] અધિક સંતોષ

[21] તુષ્ટિગુણને વ્યક્તિની કઈ બાબત સાથે સંબંધ છે?
[A] માનસિક [B] શારીરિક ક્ષમતા [C] ઈચ્છા [D] જરૂરિયાત

[22] નાણાંમાંથી મળતો તુષ્ટિગુણ કેવો રહે છે?
[A] સ્થીર [B] બદલાતો [C] ઘટતો [D] અનિર્ણિત

[23] ગ્રાહકના અધિક સંતોષનો ખ્યાલ સૌપ્રથમ ક્યારે આપવામાં આવ્યો?
[A] 1848 [B] 1904 [C] 1804 [D] 1918

[24] ગ્રાહકના અધિકારો સંતોષ નો ખ્યાલ સૌપ્રથમ 1804માં કયા અર્થશાસ્ત્રી આપ્યો?
[A] પ્રોફેસર માર્શલ [B] પ્રો. પિગુ [C] પ્રોફેસર હિક્સ [D] પ્રોફેસર ડુપિટે

[25] સીમાંત તુષ્ટીગુણ નો નિયમ સૌપ્રથમ કોને આપ્યો હતો?
[A] હેબરલ [B] માર્શલ [C] ગોસેન [D]એડમ સ્મિથ

[26] વસ્તુની કિંમત ચૂકવવાની તૈયારી રૂપિયા 30 હોય અને વસ્તુની ખરેખર ચૂકવેલ કિંમત રૂપિયા 12 હોય તો ગ્રાહકનો અધિક સંતોષ કેટલો હશે?
[A] 20 રૂપિયા [B] 22 રૂપિયા [C] 18 રૂપિયા [D] 25 રૂપિયા

[27] પ્રોફેસર માર્શલ કઈ વસ્તુની માંગને સમજાવી શકયા નથી.

[A] સામાન્ય વસ્તુ [B] હલકા પ્રકારની વસ્તુ [C] મોજ શોખની વસ્તુ [D] જરૂરિયાતની વસ્તુઓ

[28] તટસ્થ રેખા કેવા સંયોજન દર્શાવતી રેખા છે.
[A] સમાન સંતોષ [B] સમાન તુષ્ટિગુણ [C] સમાન આનંદ [D] એક પણ નહીં

[29] ગ્રાહકને મળતો મહત્તમ સંતોષ એટલે શું?
[A] ગ્રાહક ની આવક [B] ગ્રાહકની સમતુલા [C] ગ્રાહકની જાવક [G] ગ્રાહકનો તુષ્ટિગુણ

[30] આપેલી આવક વડે ગ્રાહક ખરીદી શકે તેવા સંયોજનો દર્શાવતી રેખા એટલે શું?
[A] માંગ રેખા [B] તટસ્થ રેખા [C] બજેટ રેખા [D] આવક રેખા

[31] માંગનું તટસ્થ રેખા દ્વારાવિશ્લેષણકયા અર્થશાસ્ત્રી દ્વારા સમજાવવામાં આવેલ છે.
[A] પ્રોફેસર હિક્સ [B] માર્શલ [C] એડમ સ્મિથ [D] પિગુ

[32] તટસ્થ રેખાના નકશામાં તટસ્થ રેખાનું સ્થાન ક્યાં હોવું જોઈએ કે જેથી તેના પરના સંયોજનમાંથી ગ્રાહકને મળતો સંતોષ વધારે હોય.
[A] નીચુ [B] સ્થીર [C] ઊંચું [D] અનિશ્ચિત

[33] જો ગ્રાહક X વસ્તુનો એક એકમ મેળવવા Y વસ્તુના ચારએકમો જતા કરવા તૈયાર હોય તો સીમાંત અવેજી નો દર કેટલો?
[A] 3 [B] 2 [C] 4 [D] એક પણ નહિ

[34] નીચેનામાંથી કઈ બાબત તુષ્ટિગુણ વિશ્લેષણની પધ્ધતિ ને લાગુ પડે છે.
[A] ઘટતા બજારનો નિયમ [B] સીમાંત અવેજી નો દરનો નિયમ [C] વહેચી નો સિદ્ધાંત [D] ઘટતા સીમાંત તુષ્ટીગુણ નો નિયમ

[35] તટસ્થ રેખા વિશ્લેષણ પધ્ધતિના પાયામાં નીચેના પૈકી કયા ખ્યાલો મહત્વના છે?
[A] પસંદગીના ધોરણો [B] તટસ્થ રચના [C] સીમાંત અવેજી [D] ઉપરના બધા

[36] પસંદગીના ધોરણોએ નીચેનામાંથી કયો ખ્યાલ છે
[A] સાપેક્ષ [B] નિરપેક્ષ [C] સ્થિર [D] સાપેક્ષ અને નિરપેક્ષ

[37] નીચેનામાં કઈ બાબત તટસ્થરેખા વિશ્લેણ પધ્ધતિને લાગુ પડે છે.
[A] તક રેખા [B]તટસ્થ રેખા [C] કિંમત અસરની આવક અને અવેજી અસરનુ વિભાજન [D] ઉપરના બધા

[38] ગ્રાહકના આર્થિક વર્તન માંગના વિશ્લેણ સાથે કયા અર્થશાસ્ત્રી સંકળાયેલ છે.
[A] માર્શલ [B] હિક્સ [C] બન્ને [D] એક પણ નહીં

[39] તટસ્થ રેખા ઉદગમ બિંદુ ની સાથે..........
[A] અંતર્ગોળ હોય [B] બહિર્ગોળ હોય [C] સમાંતર હોય [D] એક પણ નહીં

[40] ગ્રાહકની સમતુલા દર્શાવતા બિંદુએ તટસ્થ રેખા અને બજેટ રેખાના ઢાર કેવા હોય છે
[A] ધન [B] ઋણ [C] અસમાન [D] સરખા

[41] નીચેનામાંથી કયા પસંદગીના ધોરણોના લક્ષણો છે.
[A] તટસ્થતા [B] અતૃપ્તી [C] સંક્રમણ [D]ઉપરના બધા

[42] ખર્ચ વિધેયનાકયા કયા પ્રકારો છે?
[A] ટુંકાગાળાનુ [ B ] લાંબાગાળાનુ [ C ] બન્ને [ D ] એક પણ નહી

[43] સરેરાશ સ્થિર ખર્ચ અને સરેરાશ અસ્થિર ખર્ચનો સરવાળો કરતાં કયા પ્રકારના ખર્ચ મળેછે ?
[A] કુલ ઉત્પાદન ખર્ચ [B] કૂલ સ્થિર ખર્ચ [C] અસ્થિર ખર્ચ [D] સરેરાશ ખર્ચ

[44] લાંબાગાળે બધાજ ખર્ચ કયા પ્રકારના બને છે?
[A] સરેરાશ ખર્ચ [B] સ્થિર ખર્ચ [C] સ્થિર ખર્ચ [D] વાસ્તવિક ખર્ચ

[45] પુર્ણ હરિફાઈમાં સરેરાશ આવક અને સીમાંત આવક કેવી હોય છે.?
[A] બદલાતી [B] અસ્થિર [C] સ્થિર [D] વાસ્તવિક

[46] કયા પ્રકારના ખર્ચની રેખા X ધરીને પર સમાંતર હોય છે.?
[A] સ્થીર [B] વૈકલ્પિક [C] અસ્થિર [D] વાસ્તવિક

[47] કયા પ્રકારના ખર્ચની રેખા ‘ U ‘ આકારની હોય છે?
[A] સીમાંત ખર્ચ [B] સરેરાશ ખર્ચ [C]વાસ્તવિક ખર્ચ [D] કુલ ખર્ચ

[48] ટૂંકા ગાળામાં ઉત્પાદન ફેરફાર થતા કયા પ્રકારના ખર્ચમાં ફેરફાર થાય છે
[A] સ્થીર [B] અસ્થિર [C] કુલ [D] વાસ્તવિક

[49] ઈજારામાં સિમાંત આવક રેખાનો ઢાળ કેવો હોય છે?
[A] સીધો [B ] ઋણ [ C ] ધન [ D ] વ્યસ્ત

[50] સીમાંત તુષ્ટીગુણ એટલે..............એકમનો તુષ્ટીગુણ.
[A] વધારાના [B] સ્થીર [C] પ્રથમ [D] મધ્યમ